# ધાનેરામાં દીવાલ ધરાશયી થતાં ચારના મોત

## કોના પાપે ચાર મજૂરોએ જીવ ગુમાવ્યો તે બાબતે તંત્ર તપાસ કરાવે તેવી લોકોની માંગ

ધાનેરા, તા. ૧૫
ધાનેરામાં આવેલા વોરવાડ



વિસ્તારમાં એક મકાનની દીવાલ ધરાશાય થતા બાજુમાં કામ કરી રહેલા ચાર મજૂરો દટાતા હતા અને ચારેય મજૂરોના મોત નિપજતા સમગ્ર ધાનેરા શહેરમાં અરેરાટી મચી જવા પામી છે. ત્યારે ધાનેરા નગરપાલિકા પ્રમુખ અને પોલીસ સહીતનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી કલાકોની મહેનત બાદ મજૂરોના મૃતદેહ બહાર નીકાળી પીએમ માટે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડ્યા છે.

ધાનેરા નગરપાલિકાની બાજુમાં વોરવાડ વિસ્તાર એક નવું મકાન બનવાનું કામ ચાલી રહ્યું છે ત્યાં આજે પાંચ જેટલા મજૂરો કામ કરી રહ્યા હતા. તેમાંથી એક મજુર બહાર બજારમાં ગયો હતો અને અન્ય ચાર મજૂરો કામ કરી રહ્યા હતા તે સમયે બાજુના મકાનની આશરે ૪૦ ફૂટથી પણ ઊંચી દીવાલ ધરાશાય થતા ચારેય મજુરો દટાઈ ગયા હતા અને દીવાલ પાડવાનો ધડાકો થતા આજુ બાજુથી લોકો દોડી આવ્યા હતા અને ધાનેરા ૧૦૮ને ફોન કરતા ૧૦૮ની ટીમ પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. પરંતુ મજૂરો દટાયેલા હોવાથી ૧૦૮ના કર્મચારીઓ સહીત લોકો મજૂરોને બહાર કાઢવાની કોશિશ કરી હતી, પરંતુ તમામ મજૂરોનું મોત નિપજતા ભારે અરેરાટી મચી છે. ધાનેરા નગરપાલિકાના પ્રમુખ બળવંતભાઈ બારોટને ઘટનાની જાણ થતા તાત્કાલિક તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને મૃતકોને બહાર કાઢવાની તજવીજ હાથ ધરી હતી. બે કલાકના રેસ્ક્યુ ઓપરેશન બાદ ચાર મજૂરોની લાશ બહાર કાઢી હતી અને લાશને પીએમ અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડી હતી. ધાનેરા નગરપાલિકા પ્રમુખે વધુમાં એ પણ જણાવ્યું હતું કે કોઈપણ બાંધકામની મંજૂરી નગરપાલિકા દ્વારા આપવામાં આવે છે પરંતુ કામની અને કોઈ અણબનાવ ન બને તેની પૂરતી કાળજી મલિકને રાખવાની હોય છે પરંતુ આ બનાવ બાદ હવે અમે જે લોકોને મંજૂરી આપશું ત્યાં જઈ ચકાશણી પણ કરશું કે કામ કેવી રીતે ચાલી રહ્યું છે અને જો કામમાં કોઈ ગેરરીતિ દેખાશે તો



તેની સામે પગલાં પણ ભરશું ચાર મજૂરોના મોતથી ચાર પરિવાર આજે નિરાધાર બન્યા છે અને મૃતકના પરિવાર જાણે હૈયા ફાટ રુદન કરી રહ્યા છે ત્યારે આ બનાવ કેવી રીતે બન્યા અને કોના પાપે આ ચાર ગરીબ મજૂરોને જીવ ગુમાવવો પડ્યો તે બાબતે તંત્ર તટસ્થ તપાસ કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

## મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ અભિયાન મધ્યાંતરે જળસંચયના કામોમાં પ્રગતિ

મહેસાણા, તા. ૧૫



મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ અભિયાન મધ્યાંતરે પહોંચ્યું છે. જિલ્લામાં જળસંચયના કામોમાં પ્રગતિ નોંધાઈ છે. જિલ્લા કલેકટર એચ.કે. પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય. દક્ષિણીના અધ્યક્ષસ્થાને જળસંચયના કામો મધ્યાંતરે પહોંચ્યા છે. મહેસાણા જિલ્લામાં લોકભાગીદારીથી તળાવો ઉંડા કરવાના ૭૦ અને ૪૨ ચેકડેમ ડિસીલ્ટીંગના કામો થઈ રહ્યા છે. મનરેગા તળે ૧૦૫ તળાવો ઉંડા કરવા, ૧૫ ચેકડેમ, ૧૪ કાંસની સફાઈ, ધામણી નદી પુનજીવીતના ૩૧ કામો મળી ૧૬૫ કામો સફળતાપુર્ણ થઈ રહ્યા છે. જિલ્લામાં વનવિભાગ દ્વારા ૨૦ વનતલાવડી, ૩ ચેકડેમ ડિસીલ્ટીંગના કામો થઈ રહ્યા છે.

જિલ્લામાં સાત નગરપાલિકાઓ દ્વારા ૬ તળાવો, ૫ નહેરોની સફાઈ, ૨ નદીઓની સફાઈ, ૨ વૃક્ષારોપણની કામગીરી, ૪ પીવાના પાણીના સ્ત્રોતની સફાઈ, ૨૧ વરસાદી પાણીના લાઈની સફાઈ, અને ૩ ખુલ્લી કેનાલની સફાઈ તેમજ કેનાલના કામો થઈ રહ્યા છે.

પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણીના એરવાલ્વની ૯૦૫ નંગની સફાઈ, નિરીક્ષણ, મરામત, ૧૬૫ કિલોમીટરની નહેરોની મરામત અને જાળવણી સહિત પીવાના પાણીની ૬૫૩ કિલોમીટરની લાઈનનું સર્વેક્ષણ અને રીપેરીંગ પુર્ણ થયેલ છે.

### મહેસાણા જિલ્લામાં દિવ્યાંગ માટે એસેસમેન્ટ કેમ્પ યોજાયો

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દિલ્હી તથા સહાયક ઉત્પાદન કેન્દ્ર એલીમ્કો જબલપુર દ્વારા મહેસાણા જિલ્લામાં દિવ્યાંગ સાધન સહાય માટે એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જયશ્રીબહેન પટેલના અધ્યક્ષસ્થાને કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સામાજિક ન્યાય અધિકારીતા મંત્રાલય ભારત સરકાર તથા ગુજરાત રાજ્ય અને કુત્રિમ અંગ નિર્માણ કાનપુર તેમજ જિલ્લા વહીવટીતંત્ર મહેસાણાના સંયુક્ત ઉપક્રમે આયોજન કરાયું છે. જેમાં ટ્રાઈસિકલ, વ્હીલચેર, કાખઘોડી, કાનનું મશીન, બ્લાઈન્ડ ફોલ્ડીંગ સ્ટીક, એમ.એસ.આઈ.ડી કીટ, કુત્રિમ અંગો, કેલીપર્સ જેવા સાધનોનું વિતરણ કરવામાં આવનાર છે.

મહેસાણા જિલ્લામાં મહેસાણા તાલુકામાં ૫૯૩, વિસનગર તાલુકામાં ૩૫૨, વડનગર તાલુકામાં ૩૪૪, કડી તાલુકામાં ૪૬૫, બેચરાજી તાલુકામાં ૨૬૭, ઉંઝા તાલુકામાં ૩૮૮, માણસા તાલુકામાં ૩૮૨ મળી કુલ સંસદીય વિસ્તારમાં ૨૭૯૧ લાભાર્થીઓને વિવિધ સાધન સહાય મળનાર છે. આ કેમ્પમાં સાસંદના અધ્યક્ષ સ્થાને અને જિલ્લા કલેકટર એચ.કે. પટેલના માર્ગદર્શનથી જિલ્લા આરોગ્ય અધિકારી, સિવિલસર્જન, સમાજ સુરક્ષા અધિકારી, બાળ અધિકારી અને ખોડીયાર એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સફળતાપુર્ણ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## બનાસકાંઠા જિલ્લામાં પૂરજોશમાં ચાલી રહેલ જળસંચયના કામો

### ૨૮૯ ગામોમાં ચાલી રહેલા ૪૨૫ કામો ઉપર ૪,૨૭૩ શ્રમીકો, ૪૩૭ જેસીબી, ટ્રેકટરો અને ડમ્પરો

પાલનપુર, તા. ૧૫
વરસાદના પાણીને રોકવા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ અને



માર્ગદર્શન અનુસાર રાજય સરકાર દ્વારા સુજલામ સુફલામ જળ સંચય અભિયાન વિશાળ પાયે હાથ ધરવામાં આવ્યું છે.

આ અભિયાન દ્વારા ગુજરાતના ભૂગર્ભ જળભંડાર સમૃધ્ધ બનાવવા વિરાટ પ્રયાસો ચાલી રહ્યા છે. જે અન્વયે તા. ૧ થી ૩૧ મે- ૨૦૧૮ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં કુલ- ૫૩૮૯ કામો કરવાનું જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સંગીન આયોજન કરવામાં આવ્યું છે. સુજલામ સુફલામ જળ સંચય અભિયાનના નોડલ ઓફીસર અને કાર્યપાલક ઈજનેરશ્રી સિપુ યોજનાની કચેરી ડીસા તરફથી મળેલી માહિતી અનુસાર તા. ૧૪ મે સુધીમાં જિલ્લામાં ૨૮૯ ગામોમાં કુલ- ૪૨૫ કામો ચાલી રહ્યા છે. જેમાં ૧૦૫ જેટલી સંસ્થાઓ કામગીરી કરે છે. આ કામો ઉપર ૪,૨૭૩ જેટલા શ્રમીકો અને ૪૩૭ જેટલા જેસીબી, હિટાચી અને ડમ્પરોથી કામ કરવામાં આવે છે.

આ અભિયાન દ્વારા તળાવો ઉંડા કરવા, તળાવ ડિસીલ્ટીંગ અને તળાવ સુધારણાના કામો, ચેકડેમ ડિસીલ્ટીંગ, આડબંધ સુધારણા, ખેત તલાવડી, માટી પાળા અને બંધપાળાનાં કામ, નદીને પુનઃજીવીત કરવાની કામગીરી, વન તલાવડી રિપેરીંગ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, કેનાલ કિલનીંગ, જુથ યોજનાના એરવાલ્વ રિપેરીંગ કરવા જેવા કામો હાથ ધરવામાં આવ્યા છે.

જિલ્લાના નગરપાલિકા વિસ્તારોમાં પણ તા. ૯ મે સુધી કુલ-૧૯ કામો શરૂ કરવામાં આવ્યા છે. જેમાં સૌથી વધુ ૧૧ કામો પાલનપુર નગરપાલિકા દ્વારા શરૂ કરાયાં છે.

બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકાઓના ૨૮૯ ગામોમાં જળસંચયના ૪૨૫ કામો ચાલી રહ્યા છે. જેની તાલુકાદીઠ વિગત આ પ્રમાણે છે. પાલનપુર-૫૨, ડીસા-૩૨, થરાદ-૩૩, ભાભર-૧૪, ધાનેરા-૨૪, કાંકરેજ-૧૮, લાખણી-૨૪, વડગામ-૨૮, વાવ-૨૨, સૂઈગામ-૨૦, અમીરગઢ-૪૯, દાંતા-૭૮, દાંતીવાડા-૧૫ અને દિયોદર તાલુકામાં ૧૬ કામો ચાલી રહ્યા છે. ૯૨ કામો પૂર્ણ થયા છે.

## પ્રાંતિજના કમાલપુર ખાતે સી.એમ સાથે ગ્રામજનોનો વિડોયો કોન્ફરન્સ દ્વારા સીધો સંવાદ

પ્રાંતિજ, તા. ૧૫
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કમાપુર ખાતે આવેલ



મોટી બોખ ખાતે ગુજરાત ના મુખ્ય મંત્રી સાથે કમાલપુરના ગ્રામજનો તથા ખેડૂતો સાથે વિડીયો કોન્ફરન્સ દ્વારા સીધો સંવાદ કાર્યક્રમ યોજાયો.

ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના સ્થાપના દિનની ઉજવણીના ભાગરૂપે જળ બચાવો અભિયાન સાથે નદીઓ તળાવો સહિત ઉંડા કરવાનાં લઈને તેની સફાઈ તેમજ પાણીનો સંગ્રહ વધારવ ગુજરાત સરકાર દ્વારા મોહિન ઉઠાવવામાં આવી છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કમલાપુર ખાતે આવેલ મોટી બોખમાં કમાલપુરના ગ્રામજનો તથા ખેડૂતો સાથે ગુજરાત ના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે વિડીયો કોન્ફરન્સ દ્વારા સીધો સંવાદ યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્યમંત્રી જોડે કમાલપુરના ગ્રામજનો તથા ખેડૂતોએ સીધો સંવાદ કર્યો હતો. ખેડૂતોએ પુછેલ પ્રશ્નના જવાબ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પણ તાત્કાલિક સ્થળ ઉપર આપ્યા હતાં. આ પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ, પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, જિલ્લા કલેક્ટર, પ્રાંતિજ-તલોદ પ્રાન્ત અધિકાર એ.આર. ચૌધરી, પ્રાંતિજ મામલતદાર પટણી, તાલુકા વિકાસ અધિકારી જે.એચ. કાપડીયા, સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ, નગરપાલિકા પ્રમુખ ગીતાબેન સહિત કમાલપુર ગ્રામજનો ખેડૂતો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

### કડોલીમાં જમીન પચાવી પાડવા ખાટો દસ્તાવેજો ઉભા કરતા એક વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર તાલુકાના કડોલી ગામે રહેતા એક શખ્સે વડીલો પાર્જીત જમીન પચાવી પાડવાના આશયથી એક ઈસમના ખોટા દસ્તાવેજોને સાચા તરીકે ઉપયોગ કરવાના કારસ્તાનનો પર્દાફાશ થયા બાદ આ શખ્સ વિરૂદ્ધ સોમવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

કડોલી ગામે પટેલ ફળીયામાં રહેતા મુકેશકુમાર નર્મદાશંકર જોષીએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગામમાં રહેતા ચીનુપ્રસાદ કચરાલાલ જોષીએ ૫ જાન્યુઆરી-૧૮ના રોજ મુકેશભાઈ તથા તેમના પરિવારના અન્ય સભ્યો હયાત હોવા છતાં ખોટા મરણનો દાખલો બનાવી ખોટુ સોગંદનામુ, પેઢીનામુ અને પંચનામું કરી વડીલો પાર્જીત ખેતીલાયક જમીનમાં હક્ક કમી કરાવવા આ ખોટા દસ્તાવેજોને સાચા તરીકે રજુ કર્યાના કારસ્તાનનો પર્દાફાશ કર્યો હતો.

### પ્રાંતિજ પોલીસે સેજવીકપુર ફાટક પાસેથી બાઈક પર દારૂ વેચાણ કરતો યુવકને પકડી પાડ્યો

પ્રાંતિજના સેજવીકપુર ફાટક પાસે આરોપી બાઈક સવાર અનિલકુમાર રામાજી મકવાણા રહે. દલપુર પટેલ ફળી કે જે વગર પાસ પરમીટ વગર પોતાના કબજાની હિરો ડ્યૂર સ્કુટર નંબર- જી.જે. ૦૯ સી. વી ૪૬૫૦ માં વિદેશી દારૂ ડાયજીન લ્બ્યુજીન પ્રીમિયમની કંપની સીલબંધ ૭૫૦ મી.લી.ની કુલ બોટલ નંગ-૧૦ જેની કિંમત-૪૦૦૦ તથા હિરો જરૂર સ્કુટર જેની કિંમત-૨૫૦૦૦ તથા મોબાઈલ એક જેની કિંમત- ૪૦૦૦ મળી કુલ- ૩૩૦૦૦નો મુદ્દામાલ સાથે અનિલકુમાર રામાજી મકવાણાની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે.



### પાલનપુરના લડબી નાળા પાસે ટ્રક પલ્ટી ખાતા હાઇવે બ્લોક કરાયો

પાલનપુર-ડીસા હાઈવે પર લડબી નાળા પાસે ટ્રક પલ્ટી ખાતા સમગ્ર રોડ બ્લોક થઈ ગયો હતો. જેથી ટ્રાફિક જામ થઈ ગયો હતો. વહેલી સવારે હાઈવે પરથી ટ્રક ખસેડી ના શકાતા આ હાઈવેનો વાહન વ્યવહાર સર્વિસ રોડ પર ડાયવર્ટ કરવાની ફરજ પડી હતી. અંતે ૫ કલાક બાદ અકસ્માત ગ્રસ્ત ટ્રક ક્રેનની મદદથી દૂર ખસેડતાં હાઈવે ખુલ્લો થતા વાહન વ્યવહાર પૂર્વવત થયો હતો.

### અરવલ્લી જીલ્લામાં ગૌચર પરત અને ગૌચર બચાવો અભિયાન અંતર્ગત

## ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના અને ઓ.એસ.એસ. એકતા મંચ દ્વારા જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

અરવલ્લી, તા. ૧૫
બનાસકાંઠા જીલ્લામાં આવેલા પાંજરાપોળના સંચાલકો પાસે ગાયોને ખવડાવવા ઘાસના અભાવ અંગે સરકારમાં અને વહીવટી તંત્રમાં વારંવાર રજુઆત કરવા છતાં કોઈ યોગ્ય જવાબ ન મળતા ડીસા તાલુકાના કાંટ રાજપુર પોજરાપોળમાંથી ૨૫૦૦ જેટલા પશુઓ રસ્તા પર છોડી દઈ સંચાલકોએ ઉગ્ર આંદોલન છેડતા ખળભળાટ મચી ગયો હતો. વહીવટીતંત્ર અને સરકાર ઊંધે માથે પછડાયું હોય તેવો ઘાટ સર્જાયો હતો. બીજી બાજુ કોંગ્રેસના ધારાસભ્યો ગાયોના પોજરાપોળ નિભાવ ખર્ચ અંગે સરકાર સામે બાયો ચડાવી જંગ છેડાતાં અને ક્ષત્રિય ઠાકોર સેનાના કન્વીનર અને સિદ્ધપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે સરકાર દ્વારા બિલ્ડરો અને ઉદ્યોગપતિઓને ગૌચર વેચી દીધા હોવાની સાથે ગૌચર બચાવવા અભિયાન છેડી સમગ્ર રાજ્યમાં જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ અંતર્ગત સોમવારે અરવલ્લી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.



અરવલ્લી જીલ્લા ક્ષત્રિય ઠાકોર સેના અને ઓ.એસ.એસ. એકતામંચના પ્રમુખ સંજયજી ઠાકોર અને તેમની ટીમ દ્વારા સોમવારે સવારે ગાય માતાની પૂજા કરી ગૌચર પરત અભિયાન અને ગૌચર બચાવોનું આવેદનપત્ર જીલ્લા અધિક્ષક કલેક્ટર પી.સી. ઠાકોરને આવેદનપત્ર આપ્યું હતું.

આવેદનપત્રમાં જાણવ્યાનુસાર રાજ્ય સરકાર ગૌચર નીતિ જાહેર કરે, ૨૭૫૪ ગામોમાં ગૌચર નથી તેનો રાજ્ય સરકાર પાસે જવાબ માંગવાની, ૬૨૯ પોજરાપોળમાંથી ૫૦૦ પોજરાપોળ દેવાદાર છે તેની જવાબદારી કોની, જે ગામોમાં ગૌચર હડપ કરવામાં આવ્યા છે તે અંગે મહેસુલ વિભાગમાં ફરિયાદ કરવામાં આવશે પોજરાપોળમાં ગાય દીઠ ૧૫ કિલો ઘાસ આપવાની માંગ કરી હતી સહીત વિવિધ માંગણીઓ આવેદનપત્રમાં કરવામાં આવી હતી.